**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરના બજારોમાં કેરીઓના ભાવ બમણાં

## કેસર કેરીની આવક આવતીકાલથી માર્કેટમાં થશે : ૧૦ કીલો હાફૂસ કેરીનો ભાવ ૩૦૦૦ રૂપિયા : બદામ કેરીનો પ્રતિ કિલોનો ભાવ ૨૦૦ રૂપિયા

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં ફળોના રાજા કેરીની આવક બજારોમાં થઈ રહી છે. બજારો ઉપરાંત ઠેક ઠેકાણે વેપારીઓ દ્વારા કેરીની પેટીઓનું વેચાણ શરુ કરવામાં આવ્યું છે. પરંતુ આ વખતે કેરીઓના ભાવ આસમાને પહોંચ્યા છે. શહેરીજનોને કેરીનો સ્વાદ માણવો મોંઘો પડશે.

આ વર્ષે કેરીનું ઉત્પાદન ૩૦ થી ૩૫ ટકા જેટલું ઘટી ગયું છે. જયારે ભાવમાં ૫૦ ટકા જેટલો ઉછાળો આવ્યો છે. આ વર્ષે બજારમાં કેરી દોઢ મહિના જેટલી મોડી આવી છે. દર વર્ષે એપ્રિલના પ્રથમ પખવાડિયામાં જ કેસર અને હાફુસ કેરીથી બજારો છલકાય છે પરંતુ આ વર્ષે એપ્રિલના અંતમાં બજારોમાં કેરી છલકાઈ રહી છે. તેથી આ વર્ષે શહેરીજનોને ડબલ ભાવ આપીને કેરી ખરીદવી પડી રહી છે.

૧૫ એપ્રિલથી બજારોમાં કેરીઓનું આગમન થવાનું શરૂ છે પરંતુ તાપમાનનો પારો વધવાથી કેરીની ગુણવત્તા પર અસર પડી છે. એપ્રિલમાં કેસર કેરીનું આગમન થતું હોય છે અને જૂનમાં કચ્છની કેસર અને જમાદાર કેરી બજારમાં આવતી હોય છે.

| આ વર્ષે કેરીનો ભાવ | ગત વર્ષનો ભાવ |
|---|---|
| હાફૂસ-૩૦૦ થી ૫૦૦ | હાફૂસ-૨૦૦ થી ૨૫૦ |
| બદામ-૨૦૦ થી ૨૫૦ | બદામ-૧૦૦ થી ૧૫૦ |
| કેસર-૩૫૦ થી ૫૦૦ | કેસર-૧૫૦ થી ૨૦૦ |






શહેરમાં માર્કેટમાં આવતીકાલથી કેસર કેરીનું આગમન થશે અત્યારે હાફૂસ કેરી, બદામ કેરીની આવક માર્કેટમાં થઈ છે. જેમાં હાફૂસ કરીનો ૩ કિલોનો ભાવ ૧૦૦૦ રૂપિયા, ૧૦ કિલો હાફુસ કેરીનો ભાવ ૩૦૦૦ રૂપિયા, બદામ કેરીનો ભાવ ૨૦૦ રૂપિયે કિલો, સુંદરી કેરીનો ભાવ ૧૮૦ રૂપિયે કિલો ચાલી રહ્યો છે.

કેરીના રસિકો માટે ખુશખબર છે આવતીકાલથી શહેરમાં કેસર કેરીનું આગમન થવાનું છે. અત્યાર સુધી બદામ અને સુંદરી તથા હાફૂસ કેરીનું વેચાણ થઈ રહ્યું હતું જેમાં શહેરીજનોની મનપસંદ કેસર કેરી હવે એડ થઈ રહી છે.

કેરીના વ્યવસાય સાથે સંકળાયેલા જિજ્ઞેશભાઈએ જણાવ્યું હતું કે આ વખતે કેરીનો ભાવ ડબલ થઈ ગયો છે. ગત વર્ષે આવેલા વાવાઝોડાની અસર તેમજ કમોસમી પડેલો વરસાદ અને હાલ પડી રહેલી ગરમીની અસર કેરીના પાક ઉપર થઈ છે. એપ્રિલ મહિનામાં માત્ર ૨૦ થી ૨૫ ટકા જ આવક થઈ છે જયારે ગત વર્ષે એપ્રિલ મહિનામાં ૧૦ ગણી આવક હતી. વાવાઝોડાની અસર થતાં ઉત્પાદન ૪૦ ટકા જેટલું ઘટી ગયું છે. તેની અસર હજી પણ બજારોમાં વર્તાઈ રહી છે.

**જન્મદિને વધામણી**



દિનેશ પી. બ્રહ્મભટ્ટ



નરેશસિંહ એસ. ઠાકોર
મો. ૯૮૯૮૧ ૩૮૩૩૬

## સમસ્ત જણસારી સમાજ દ્વારા ગાંધીનગરની ડીરેકટરી તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર અને આસપાસ વસતા સમસ્ત જણસારી જનક્ષત્રિય, મોચી સમાજના પરિવારોની ડીરેકટરી તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેથી બાકી હોય તે જ્ઞાતિજનોને નિયત નમૂનામાં પૂર્ણ માહિતી ભરી સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર એમ.ચૌહાણને વોટસએપ નંબર દ્વારા તાત્કાલિક મોકલી આપવા જણાવ્યું હતું અને ડીરેકટરી માટે અને સરસ્વતી સન્માન સમારંભમાં વિદ્યાર્થીઓને ઈનામ, ફૂલસ્કેપ ચોપડા તથા ડીરેકટરી માટે યથા શકિત દાન-ભેટ આપવા માટે પ્રમુખ, મંત્રી તથા હોદ્દદારોનો સંપર્ક કરવા મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણ મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫ અને પ્રમુખ રમેશચંદ્ર એમ. ચૌહાણ મો. ૭૫૭૪૦ ૩૨૫૧૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## સે-૨૪માં પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રની મુલાકાતે કેન્દ્રના ફાર્મા વિભાગના સંયુકત સચિવ

ભારત સરકારના કેન્દ્રિય ફાર્માસ્યુટિકલ વિભાગ તેમજ પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ યોજનાના જોઈન્ટ સેક્રેટરી રજનિશ ટિંગાલે ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતે માર્ગ ન.૬ પર ગોપાલ ડેરીની બાજુમાં સ્થિત પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમની સાથે ફાર્માસ્યુટિકલ એન્ડ મેડીકલ ડિવાઈસ ઓફ ઈન્ડિયાના ગુજરાત હેડ મિતેષ પંડ્યા પણ જોડાયાં હતા. આ પ્રસંગે રજનિશ ટિંગાલે જનઔષધિ કેન્દ્રના સંચાલન બાબતે પડતી મુશ્કેલીઓ ઉપરાંત જનઔષધિ દવાઓ પ્રત્યે નાગરિકોની જાગૃતિ કેવી છે તેમજ તે વધારવા શું પગલાં લેવામાં આવે છે, ગ્રાહકોને શું મુશ્કેલી નડે છે વગેરે અંગે જાણકારી મેળવી હતી જે પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રના સ્ટોકિસ્ટ તથા સંચાલિકા ફોરમ ગજ્જરે પુરી પાડી હતી.




## આજથી શહેરમાં ઈન્ટર ડિસ્ટ્રિક્ટ વેટરન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨નો શુભારંભ

ગાંધીનગર, તા.૨૧

દેશભરમાં આઈપીએલના પગલે ચોતરફ ક્રિકેટની રમતની મૌસમ જામી છે. ગાંધીનગરમાં પણ વિવિધ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન થઈ રહ્યા છે જે અંતર્ગત શહેરના સેકટર-૮ ખાતે ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમીના ગ્રાઉન્ડ પર આવતીકાલે તા.૨૨મી એપ્રિલ શુક્રવારે સવારે ૯.૩૦ કલાકે ઈન્ટર ડિસ્ટ્રિક્ટ વેટરન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨નો શુભારંભ થશે. આ ટુર્નામેન્ટનું આયોજન ગાંધીનગરના વેટરન્સ ક્રિકેટ એસોસિયેશન દ્વારા ગુજરાત વેટરન્સ ક્રિકેટ એસોસિયેશન તેમજ ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટ તા.૨૨મી એપ્રિલથી તા.૧લી મે ૨૦૨૨ સુધી ચાલશે જેમાં ગુજરાતભરના લગભગ દરેક જિલ્લામાંથી વરિષ્ઠ ક્રિકેટરોની ટીમ ભાગ લેશે.

## ત્રિદલ દ્વારા ૨૪મીએ સે-૨૧ ખાતે વાર્તાલાપનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

'ત્રિદલ' અને 'ગાંધી મિત્રવર્તુળ', ગાંધીનગર સંસ્થાની સંયુકત બેઠક તા. ૨૪-૪-૨૦૨૨ને ચોથા રવિવારે સાંજે ૫.૦૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧ ખાતે મળશે.

બેઠકમાં જાણીતા સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્યસભાના ઉપપ્રમુખ કલ્પેશ પટેલ, 'આઝાદી પછીની વિદ્રોહી કવિતા' વિષયે વાર્તાલાપ આપશે. સૌ સભ્યો, શુભેચ્છકો અને નગરજનોને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વાવોલ ખાતે સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા પ્રવાસી બંધુ કાર્યક્રમ હેઠળ તાલીમનું આયોજન




ગાંધીનગર ખાતેની સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા પ્રવાસી બંધુ કાર્યક્રમ હેઠળ વાવોલ ખાતે સ્થળાંતરિત મજુર બેનોને કૌશલ્ય વિકાસ કેળવાય તે હેતુથી સીવણકામ તાલીમ તેમજ બાળકોને પ્રાથમિક શિક્ષણ મળી રહે તે હેતુથી ટ્યુશન કલાસની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી રહી છે.



શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત સદ્‌ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ પ્રખ્યાત પાઘડી પહેરાવી. યુકેના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સનને સન્માનિત કર્યા હતા. વિશ્વપ્રસિદ્ધ શ્રી મુક્તજીવન સ્વામીબાપા પાઈપ બેન્ડે પણ સુમધુર સૂરાવલી રેલાવી હતી.

## પાલજ ખાતે શ્રીમદ દેવી ભાગવત કથાનું આયોજન કરાયું



ચૈત્ર મહિનાના પાવન દિવસોમા મિતાબેન વિનોદભાઈ રાવલ પરિવાર,(બ્રાહ્મણી કેટરેસ) પાલજના મનોરથ થી નવ દિવસિય 'શ્રીમદ દેવીભાગવત કથા'નુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ હતુ. પાલજ ગામનાં આગણે માં મહાકાળીના સાંનિધ્યમાં આ કથા- ગાંધીનગરના સુપ્રસિધ્ધ કથાકાર ગોસ્વામી સંજયભારતીબાપુની વ્યાસ પીઠે કથા યોજાઈ હતી. સમગ્ર ગ્રામજનો મહાકાળી મંદિર ટ્રસ્ટી અને પુજારી કથા શ્રવણ કરવા પધારેલા તમામ ભક્તોનો આભાર ચિરાગ રાવલ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ગાંધીનગરમાં બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા.૨૧

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવાર દ્વારા ૩ મે અખાત્રીજના દિવસે ભગવાન પરશુરામજીના જન્મોત્સવ નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નારાયણ ઠાકર અને દેવરાજ ગઢવી કલાકારોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે. સાંજે ૪ કલાકે ભગવાન પરશુરામદાદાની શોભાયાત્રા યોજાશે. મહાઆરતી અને બ્રહ્મભોજન બાદ રાત્રે ૮.૩૦ કલાકે સે-૧૬ ખાતે શ્રી સચ્ચિદાનંદ બ્રહ્મભવનમાં ભૂદેવ ડાયરો યોજાશે.

## રાંદેસણ ખાતે શિવ મહાપુરાણ કથા યોજાશે

ગાંધીનગર, તા.૨૧

પંચેશ્વર મહાદેવ મંદિર દ્વારા શ્રી શિવમહાપુરાણ કથાનું આયોજન આગામી તા. ૨૬ એપ્રિલથી ૪ મે દરમિયાન કરવામાં આવ્યું છે. પ.પૂ. કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે પાણીની ટાંકીવાળો બગીચો, ઊર્જાનગર વિભાગ-૨, પ્રતિકમોલ પાછળ, રાંદેસણ, ગાંધીનગર ખાતે આ કથા યોજાશે.

૨૬મી એપ્રિલના રોજ સાંજે ૫ વાગે કેતનભાઈ પ્રજાપતિ, પ્લોટ નં. ૧૭, ઉર્જાનગર-૨ ખાતેથી પોથીયાત્રા નીકળશે. શ્રી શકિત પ્રાગટયોત્સવ, શ્રી શિવપાર્વતી લગ્નોત્સવ, શ્રી કાર્તિકેય પ્રાગટયોત્સવ, શ્રી ગંગાવતરણ મહાપૂજા, શ્રી હનુમાનજી પ્રાગટયોત્સવ, શ્રી શિવતાંડવ નૃત્ય અને શ્રી દ્વાદશ જયોર્તિલીંગ પ્રાગટયોત્સવ અને ૧૦૦૦ દિવાની આરતી આ કથા દરમિયાન યોજાશે. ૫મીમેના રોજ સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ ભોજન યોજાશે. આ કથાનો લાભ લેવા સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પૃથ્વી દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૧

પૃથ્વીના સંરક્ષણ માટે શક્ય ઉપાયો અંગે જાગૃતિ ફેલાવવા માટે ૧૯૭૦થી પ્રતિવર્ષ તા.૨૨મી એપ્રિલના રોજ વિવિધ થીમ અંતર્ગત 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી નિમિતે આ વર્ષની થીમ 'આપણી પૃથ્વીમાં રોકાણ કરીએ' રાખવામાં આવી છે. પૃથ્વીની જાળવણી અને સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા ગુજરાત સાયન્સ સિટી ખાતે આવતીકાલે તા.૨૨મી એપ્રિલના રોજ વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી નિમિત્તે એમ.જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના જીઓલોજી વિભાગના પ્રો. હેમંત મજેઠીયા સાથે ખાસ સેશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓને પૃથ્વીની સુરક્ષા અને જતન માટે જાગૃત બનાવવા પૃથ્વી પ્રત્યે આદર અને પ્રેમ રાખી સ્ત્રોતના પુનઃઉપયોગ, વૈજ્ઞાનિક નાગરિક બની રિસાઈકલ કરવા તથા પૃથ્વી ને વધુ સારી બનાવવા માટે ની પ્રતિજ્ઞા લેવડાવવામાં લેશે. આ ઉપરાંત ગુજરાત સાયન્સ સિટી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવશે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભગના નેજા હેથળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી સમાજમાં વિજ્ઞાનના પ્રચાર પ્રસાર માટે કટિબદ્ધ છે. સામુચિક ભવિષ્ય (સસ્ટેનેબલ લિવિંગ) અંતર્ગત ભાવિ પેઢીને આપણા પ્લેનેટને લગતી વિવિધ સમસ્યાઓ અને તેના ઉકેલ માટે જાગૃત કરવા સાયન્સ સિટી દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

## ૪૨ એચ.આઈ.વી. બાળકોને વિવિધ વસ્તુઓનું વિતરણ કરાયું

રાંદલમાંના સાંનિધ્યમાં જયશ્રીબેન પ્રજાપતિની તિથિ નિમિત્તે એચઆઈવી બાળકોને સવારનો નાસ્તો સેકટર-૧૯માં સપકારી કવાર્ટસમાં કરાવવામાં આવ્યો હતો. જેમાં ૪૨ જેટલા બાળકોને ૧૭ અમૂલ દૂધની થેલી, જમ્બો બ્રેડ-૭ અને બોર્નવીટાનો ડબ્બો, મોટું માખણનું પેકેટ વિતરણ સંસ્થાના સેવાભાવી કાર્યકર્તા પ્રફુલ્લાબેન ભાવસારે ભાવપૂર્વક બાળકોને આશીર્વાદ આપીને સેવાકાર્ય કર્યું હતું.




માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ની ઉપસ્થિતિમાં આનંદનો ગરબો યોજાયો હતો.

## સોમવારે સે-૪-એ ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૧

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૩-સીના મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો સૂર્યાબેન રમણભાઈ પરમાર, સે-૪-એ પ્લોટ નં.૨૧/૧ ખાતે સોમવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે તો સર્વે ભાવિ ભકતોને પધારવા પ્રફુલ્લાબેન ભાવસારે જણાવ્યું છે.

## ગુજરાત સ્ટેટ રેડક્રોસ દ્વારા આઈઆઈટી ખાતે ૩૫૨ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા પરીક્ષણ કરાયું



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી ગુજરાત સ્ટેટ રેડક્રોસ દ્વારા આઈઆઈટી પાલજ (ગાંધીનગર) ખાતે ૧૯ અને ૨૦મીએ મળીને કુલ ૩૫૩ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા પરિક્ષણ સ્ટેટ રેડક્રોસના સિનીયર ટેકનિશિયન નિલેશભાઈ ભારતીય અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવામાં કોલેજના કો ઓર્ડિનેટર સંજયભાઈ તેમજ કોલેસ સ્ટાફ તથા ગાંધીનગર જિલ્લા રેડક્રોસના ચેરમેન જલુભા ધાધલ તથા તેમની ટીમ દ્વારા સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. પટેલ અમીચંદભાઈ હીરાભાઈ,** ઉ.વ. ૭૬, સેકટર-૩૦
- **સ્વ. ઠાકોર માણેકબેન પ્રતાપજી,** ઉ.વ. ૮૦, શિહોલી મોટી
- **સ્વ. દુર્ગા રાજા રો,** ઉ.વ. ૮૬, સરગાસણ
- **સ્વ. શાસ્ત્રી પ્રવિણાબેન દિનેશચંદ્ર,** ઉ.વ. ૮૦, પાલજ
- **સ્વ. ચૌહાણ રમાબેન જયંતિલાલ,** ઉ.વ. ૭૪, સેકટર-૧૨
- **સ્વ. ભરવાડ કાળુભાઈ મોહનભાઈ,** ઉ.વ.૭૨, સે-૧૪, ગોકુલપુરા

# સે-૨૧માં વીઆઈપી વસાહતોની આસપાસ ફરીથી દબાણો

## એક સપ્તાહમાં દબાણ હટાવ્યા બાદ ફરીથી તેજ જગ્યા પર અડીંગો બાંધ્યો : ફરિયાદી રહીશો દ્વારા આ દબાણ કાયમી માટે હટાવવાની માંગ ઉઠી

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં ઘણા વિસ્તારોમાં દબાણ જોવા મળી રહ્યા છે. આ દબાણના કારણે આસપાસના રહેવાસીઓ દ્વારા ફરિયાદો ઉઠી રહી છે. સેકટર-૨૧માં વીઆઈપી મકાનોની બાજુમાં એટલે કે એમએલએ કવાર્ટરની બાજુમાં વર્ષોથી દબાણનો અડીંગો થઈ રહ્યો છે. આ વિસ્તારમાં ઝુંપડું બાંધીને રહેતો માણસ આસપાસના રહીશોને હેરાન પરેશાન કરી મુકતા ઘણી ફરિયાદો કરતા અગાઉ પણ આ વિષય પર તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી પરંતુ ફરીથી ત્યાં દબાણ જોવા મળી રહ્યું છે. ઝૂંપડું બનાવીને રહેતા આ માણસોને દુર કરવાનો એક તરફ નાગરિકો દ્વારા સખત રીતે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જયારે બીજી તરફ દયા દાખવીને અમુક રહીશો દ્વારા જ તેમને પાછા ત્યાં રહેવાની પરવાનગી આપવામાં આવે છે. તેવામાં રહીશો વચ્ચે મતભેદ થઈ રહ્યો છે. આ વિસ્તારમાં ઝૂંપડી બનાવીને વર્ષોથી રહેતો આ માણસ નશો કરીને તેની પત્ની સાથે ઝઘડો કરતો હોય છે અને બૂમ બરાડા કરીને મોટે મોટેથી અભદ્ર ભાષાનો ઉપયોગ કરતો હોય છે તેથી ફરિયાદી રહીશો દ્વારા આ દબાણને અહીંયાથી ખસેડવા માટે ફરીથી ફરિયાદો કરવામાં આવી રહી છે.



ગાંધીનગરમાં નાનો નાનો વ્યવસાય કરતા વેપારીઓ ઝૂંપડા બનાવીને રહી રહ્યા છે જે અમુક મેદાન વિસ્તારો અને જંગલ વિસ્તારોમાં રહેતા હોય છે. જયારે આ ઝૂંપડાવાળા માણસો વર્ષોથી અહી અડીંગો કરીને વસવાટ કરી રહ્યા છે અને રહીશોને હેરાનગતિ થઈ રહી છે તેથી ફરીથી કડકમાં કડક કાર્યવાહી કરીને આ વિસ્તારમાંથી ઝૂંપડું દૂર કરવાની રહીશોની માંગ ઉઠી રહી છે અને ફરીથી ત્યાં ઝૂંપડું ન બાંધે તેવી પણ ખાતરી કરવામાં આવે તેમ ફરિયાદી રહીશોની માંગણી રહી હતી.

ગાંધીનગરમાં નોકરીયાત વર્ગ દિવસભર નોકરીમાં વ્યસ્ત રહીને સાંજે માંડ ઘરે આવે અને શાંતિથી આરામ કરવા માટે શાંતિવાળો માહોલ ઈચ્છે છે તેવામાં રાત્રિ દરમિયાન આ માણસોના રોજબરોજના ઝઘડા અને અભદ્ર ભાષાઓ ઉચ્ચારતા હોવાથી નાગરિકોમાં શાંતિ ભંગ થઈ રહી છે. રહીશો દ્વારા આનો ચોકકસ ઉપાય લાવવાની માંગ ઉઠી છે અને શાંતિપ્રિય માહોલ બની રહે તેમ રહીશો ઈચ્છી રહ્યા છે.